જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૪/૦૨/૨૦૧૯ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૬/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૬૦ વ્યક્તિઓને ઝડપી, ૧૫૬ લીટર દેશી દારૂ, ૨૯૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૦ બીયરટીન અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૮ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૮,૮૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૭/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૨૨૮/૧૯

**અમરાઇવાડી** : નંદુનાથા ભરવનાથ ભાટી (રહે.વૃદાવન ઇસ્કાલેટ રીલાઇસ પંપા પાસે રીંગ રોડ વસ્રાલ) એ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૨/૨૦૧૯ થી ચાર માસ અગાઉના સમયગાળા દરમ્યાન ખોખરા ઓસીયા મોલ ખાતે આરોપી ઉમાશંકર ગોરખનાથ પાંડે (રહે.અમથા સ્વામીનું ડેલુ લુલસાવાડ દરીયાપુર) એ નંદુનાથા ને વિશ્વાસમા લઇ જમાલપુર શાકભાજી માર્કેટમાં અલગ અલગ રકમ મળી કુલ રૂપિયા ૮,૫૪,૦૦૦/- વેપારીઓને નહીં આપી નંદુનાથા સાથે વિશ્વાસઘાત અને છેતરપિડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.તેજોત ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૨૨૯/૧૯

**આનંદનગર** : સિધ્ધાર્થભાઇ વિવેકભાઇ કાપરે (ઉ.વ.૨૭)(રહે.થ્રીટર ડ્રાઇવ સિંગાપુર. મુળ વતનઃ સ્કીમ નંબર ૧૦૩ કેશવબાગ રોડ ઇન્દોર મધ્યપ્રદેશ) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૨/૧૯ બપોરના ૧/૪૫ થી ૪/૦૦ વાગ્યા દરમ્યાન દેવઓરમ રેસીડંસી ની ગલીમાં રોડ ની સાઇડમાં પાર્ક કરેલ પોતાની કારનો જમણી બાજુ પાછળ નો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી એપલ કંપનીનુ લેપટોપ કિંમત રૂપિયા ૭૫,૦૦૦/-, એપલ કંપનીનુ આઇપેડ કિંમત રૂપિયા ૭,૦૦૦/- તથા સિંગાપુર ડોલર ૧૫૦/-, ક્રેડીટ કાર્ડ, ડેબીટ કાર્ડ ડ્રાઇવીંગ લાઈસન્સ તથા સેમસંગ મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૨,૦૦૦/- તથા ફોરેન આઇડેંટી ફિકેશન કાર્ડ મળી કુલ રૂપિયા ૯૨,૦૦૦/- ની મતા મુકેલ બેગની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મુનીરમહમદ ઇસુબભાઇ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૩૦/૧૯**

**નિકોલ** : અશોકભાઇ કાબાભાઇ સગર (રહે.શ્યામ સોન્દર્ય રેસીડેંસી શ્યામ ફાર્મની પાછળ નિકોલ) તા.૦૧/૦૨/૧૯ ના કલાક ૮/૩૦ થી તા.૦૨/૦૨/૧૯ ના કલાક ૩/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘર આગળ પાર્ક કરેલ પોતાની આઇશર કંપનીની ટ્રક નંબર જીજે.૨૭.એક્ષ.૫૯૨૬ કિંમત રૂપિયા ૧૨,૦૦,૦૦૦/- મતાની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ અંગેની ફરીયાદ અશોકભાઇ સગરે નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.હડીયા ચલાવે છે.

**આઠમા માળેથી પડી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૩૧/૧૯**

**ઘાટલોડીયા** : સંજયભાઇ સીતારામ ચૌહાણ (ઉ.વ.૩૬)(રહે.ચાણક્યપુરી સેકટર-૫ ચાંદલોડીયા) તા.૦૩/૦૨/૧૯ ના કલાક ૧૦/૩૦ વાગ્યા સુમારે ઘાટલોડીયા ગુજરાત હાઉસિંગની નવી બનતી ઇમારત ખાતે આઠમા માળે કડીયા કામ કરતા હતા દરમ્યાન નીચે પડી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સોલા સિવીલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન કલાક ૧૧/૩૦ વાગે ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એન.પરમાર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.